ગાંધીનગર સમાચાર

**સેક્ટર-૨માંથી ડેન્ગ્યુનો એક કેસ મળ્યો**

# ચૂંટણી તાલીમમાં ૩૦ ગેરહાજર કર્મચારીઓને નોટીસ ફટકારાઈ

**ચારેય તાલુકા અને નપામાં તાલીમનો પ્રથમ તબક્કો આજે પૂર્ણ થયો : બીજો તબક્કો ૨૦મી પછી**

ગાંધીનગર, તા. ૪

જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણી માટે કર્મચારીઓની તાલીમમાં આજે ૩૦ જેટલા કર્મચારીઓ વગર મંજૂરીએ ગેરહાજર રહેતાં તેમની સામે નોટિસ કાઢવાનો નિર્ણય તંત્રના અધિકારીઓએ કર્યો છે.

આજે ગાંધીનગર, કલોલ, દહેગામ અને માણસા ખાતે તાલીમનું આયોજન કરાયું હતું.

મળતી વિગતો પ્રમાણે આજે તાલીમ દરમ્યાન ૨૦થી વધુ કર્મચારીઓ શાળાકીય પરીક્ષામાં વ્યસ્ત હોવાને કારણે મંજૂરી મેળવી ગેરહાજર રહ્યા હતા જ્યારે ૩૦ જેટલા કર્મચારીઓ કોઈપણ પ્રકારની મંજૂરી વગર ગેરહાજર જણાતાં તંત્રએ નોટિસ આપવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનો સંપૂર્ણ તખ્તો તૈયાર થઈ ગયો છે.

આજે ગાંધીનગર ટાઉનહૉલ, કલોલ ખાતે, દહેગામ તેમજ માણસા ખાતે તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે કર્મચારીઓને બે તબક્કામાં તાલીમ આપવામાં આવી હતી. હવે પછી બીજીતાલીમ ૨૦થી ૨૨ની વચ્ચે આપવામાં આવશે તેમ તંત્રનાં સૂત્રોએ જણાવ્યું છે.



**સુશોભન** - દિપાવલી પર્વોને વધાવવા સુશોભનના વૈવિધ્યસભર વસ્તુઓ બજારમાં છલકાય છે... માટીના અવનવા પ્રકારોથી સુશોભનની ચીજવસ્તુઓ બનાવાઈ છે... સંપૂર્ણ ગ્રામીણ માહોલ અને પરંપરાગત સંસ્કૃતિની અનુભૂતિ કરાવતી આકર્ષક ચીજ-વસ્તુઓની તસવીર શહેરમાં ગામઠી અનુભૂતિ કરાવે છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# શહેરમાં અન્ડરપાસ બનાવવા ટુંકમાં ગતિવિધિ હાથ ધરાશે

**સ્વર્ણિમ પાર્ક અસ્તિત્વમાં આવ્યા બાદ હવે અન્ડરપાસના આયોજન તરફ મીટ**

ગાંધીનગર તા ૪

શહેરમાં સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેકટનુ કામ પુર્ણ થયા બાદ હવે માર્ગ મકાન વિભાગ દ્વારા ટુંકમાં અન્ડરપાસ બનાવવાનુ આયોજન હાથ ધરવામાં આવશે. અગાઉ અન્ડરપાસ માટે સઘન વિચારણા અને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પરંતુ લાંબા સમયથી આ પ્રોજેકટ સંદર્ભે કોઈ પ્લાનીંગ થઈ શકયુ નથી. શહેરના હાર્દસમા વિસ્તારમાં નિર્મિત સ્વર્ણિમ પાર્કને ટ્રાફિકની દ્રષ્ટીએ કોઈ ખલેલ ન પહોંચે તેવા અભિગમ સાથે અન્ડરપાસ બનાવવા અગાઉ પ્રાથમિક વિચારણા હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગરમાં અંદાજિત ૬૧૩ કી મીનુ રોડનેટવર્ક છે. જયારે વર્ષો અગાઉ શહેરમાં ભુગર્ભ રસ્તાઓ પણ કાર્યાન્વિત હતા. પરંતુ સમય જતા આ રસ્તાઓ બંધ થઈ જતા શહેરમાં મુખ્ય માર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ હતુ. જયારે હાલની સ્થિતિએ વાહનોની સંખ્યા વધતા નગરના માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહયો છે.જયારે વિકાસના અનેકવિધ નવા આયામો અને વધતી વસ્તી સાથે શહેરમાં ટ્રાફિકનો મિજાજ પણ બદલાયો છે. જયારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સેન્ટ્રલ વિસ્ટાના મહત્વકાંક્ષી પ્રોજેકટ અસ્તિત્વમાં આવતા રોડનેટવર્ક સિનારિયો બદલાયો છે. સ્વર્ણિમ પાર્ક બનતા ઘ- ૪ વિસ્તારમાં એકબાજુ સ્થિત વિશાળકાય તોતિંગ બિલ્ડીંગ અને વિવિધ કચેરીઓ હોવાથી શહેરના આ હાર્દસમા વિસ્તારમાં ટ્રાફિકના મામલે ભુલભુલૈયા જેવી સ્થિતિ સર્જાઈ છે. જયારે સર્કલની બન્ને બાજુ પથરાયેલા પાર્કને ટ્રાફિકની દ્રષ્ટીએ કોઈ અડચણ ન નડે તે માટે ઘ માર્ગ પર અન્ડરપાસ બનાવવાનો પ્રોજેકટ વિચારણા હેઠળ છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસ દ્વારા જિલ્લા પંચાયત માટે યુવા ચહેરાઓની પસંદગી

**ત્રણથી વધુ તાલુકા પંચાયતના સદસ્યોને જિલ્લા પંચાયત માટે કોંગ્રેસે પસંદ કર્યા : કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના ઉમેદવારો પસંદ કરાયા**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયત માટેના કોંગ્રેસના ઉમેદવારોની યાદી આજે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે બે કલાક જેટલી ચર્ચા આજની બેઠકમાં જિલ્લા, તાલુકા પંચાયત અને નગરપાલિકાના ઉમેદવારોને લઈ થઈ હતી.

ઉમેદવારોની પસંદગીમાં વિજેતા બની શકે તેમજ સર્વસંમતિને અગ્રતા આપવામાં આવી હતી. પક્ષના સાથી સંગઠનો અને વિવિધ પાંખોને પણ ઉમેદવારોની પસંદગીમાં લાગણીને ધ્યાને લેવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની ૩૦ બેઠકોમાં ૪ થી ૬ ઉમેદવારોની પુનઃ પસંદગી કરવામાં આવી છે જ્યારે ૩ થી વધુ તાલુકા પંચાયતના

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો

**ટ્રાફિક જામના દ્રશ્યો નગરજનો ત્રસ્ત : સે-૧૬ અને સે-૧૧ માં પાર્કીંગ પ્લેસના નિર્માણ માટે લાખો રૂપિયા ખર્ચાયા પરંતુ કોઇ હેતુ સરતો નથી**

ગાંધીનગર તા ૪

શહેરમાં વિવિધ સેકટરોમાં નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ



બિનઉપયોગી હોવાની સાથે દબાણો માટે અડીંગો બની ગયા છે. સેકટરોના શોપિંગ વિસ્તાર અને કોર્મશિયલ કોમ્પલેક્ષ પાસે પાર્કિંગ બનાવવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લાના દબાણો ખડકાઈ જતા આસપાસના માર્ગો પર ટ્રાફિકની સમસ્યા પણ પેચીદી બની છે. પાર્કીંગ વ્યવસ્થાના નામે મીંડુ હોવાથી શહેરીજનોમાં મોટો શિરર્દદ ઉભો થયો છે. સે-૧૬માં સર્વિસ રોડ પર આડેધડ વાહનોનો ખડકલો થતા આખેઆખો રસ્તો બ્લોક થઈ જાય છે.

શહેરમાં વિકાસના અનેકવિધ આયામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ માળખાગત સુવિધાના કોમો માટે હજુ પણ ખુટતા પરિબળોને ડામવા જરૂરી પગલા લેવાનુ આયોજન હાથ ધરવામાં આવે તેવી અનિવાર્યતા છે.

શહેરમાં માર્ગ સલામતીના નામે આમ પણ મીડું ચિતરાયેલુ છે. જયારે ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ ગતિએ દોડતા વાહનો અને નગરજનોમાં પાર્કીંગ સેન્સનો અભાવ પણ જવાબદાર હોવાનુ સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં તંત્ર દ્વારા નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર છેલ્લા ઘણાં સમયથી લારી ગલ્લાના દબાણો અસ્તિત્વમાં આવ્યા છે. જેના પરિણામે આમ નાગરિકોને કોમર્શિયલ વિસ્તારમાં પાર્કીંગ માટે યોગ્ય જગ્યા મળતી નથી. સે-૧૬ તેમજ સે-૧૧ના કોમર્શિયલ કોમ્પલેક્ષ આસપાસના વિસ્તારને દબાણોના ઘેરાવા વચ્ચે પાર્કીંગ સમસ્યા ભરખી ગઈ છે. જેના પરિણામે સાંકડા સર્વિસ રોડ પર જ વાહનોનો આડેધડ ખડકલો થઈ જાય છે. રસ્તાઓ બ્લોક થતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે.

એકબાજુ ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાના સ્વપ્ન સેવાઈ રહયા છે. ત્યારે શહેરના રોડ નેટવર્કની સાથે પાર્કીંગના પેચીદા પ્રશ્નને ડામવા અસરકારક પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

## સેમેસ્ટર-૧માં આજે ગણિત વિષયનું પેપર

ગાંધીનગર, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા તેના અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. ત્યારે આવતીકાલે સેમેસ્ટર-૧માં બપોરે ૩:૦૦થી ૫:૩૦ કલાક દરમિયાન એ-સ્ટ્રીમનાં વિદ્યાર્થીઓ ગણિતની પરીક્ષા આપશે જ્યારે બી-ટ્રીમનાં વિદ્યાર્થીઓને આવતીકાલે રજા રહેશે.

બીજી બાજુ સેમેસ્ટર-૩માં સવારે ૧૦:૩૦ થી ૧:૦૦ કલાક દરમિયાન સ્ટ્રીમ બીનાં વિદ્યાર્થીઓ જીવ વિજ્ઞાન વિષયની પરીક્ષા આપશે. જ્યારે એ-સ્ટ્રીમનાં વિદ્યાર્થીઓનો આવતીકાલે રજા રહેશે.

# સેક્ટર-૨માંથી ડેન્ગ્યુનો એક કેસ મળ્યો

**ચાર સેક્ટરોમાં ૪ હજાર મકાનોના સર્વેલન્સમાં ૨૧ સ્થાનોએથી બ્રિડીંગ મળ્યા**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સે. ૨માંથી ડેન્ગ્યુનો એક કેસ મળી આવ્યો છે. આ સાથે શહેરમાં ડેન્ગ્યુના કેસની સંખ્યા ૬૫ થવા જાય છે.

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુના મળી રહેલા છુટા છવાયા કેસ તેમજ સર્વેલન્સમાં પણ ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના બ્રિડીંગ મળતા હોવાથી તંત્રની ચિંતામાં ભારેખમ વધારો થવા પામ્યો છે.

સે. ૨માં ૧૫ વર્ષીય યુવકને આજે ડેન્ગ્યુ કન્ફર્મ આવતાં તંત્ર દોડધામમાં વ્યસ્ત થઈ જવા પામ્યું છે. શહેરમાં એન્ટી લારવેલની કામગીરી માટે હાથ ધરાયેલ સર્વેલન્સમાં આજે સે. ૨૬, ૨૫, ૨૮, ૩૦ ના ૪ હજાર જેટલા મકાનોને આવરી લેવામાં આવ્યા હતા. નવ હજાર જેટલા પાત્રોની ચકાસણી દરમ્યાન ૨૧ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળતાં જ તંત્રએ તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી હતી.

મળતી વિગતો મુજબ શહેરમાંથી જે રીતે છુટા છવાયા કેસો મળી રહ્યા છે તે ચિંતાનો વિષય જરૂર છે પણ રોગચાળાની સ્થિતિ હોવાનું તંત્ર ઈન્કાર કરી રહ્યું છે. છુટા છવાયા કેસો માટે સતત બદલાવ પામી રહેલા હવામાન હોવાનું પણ મનાઈ રહ્યું છે. આ વાતાવરણ મચ્છર માટે સાનુકૂળ હોવાનું કહેવાઈ રહ્યું છે.

તંત્રએ એન્ટી લારવેલની સાથે જન-જાગૃતિની પણ ઝુંબેશ હાથ ધરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

OPEN JOY. FOR ALL YOUR CLOSE ONES.
DIWALI SPECIAL CHOCOLATE & COOKIE GIFT PACKS
THE 100% EGGLESS BAKE SHOP
KABHI B bakery & patisserie
infocity, gandhinagar m : 85111 74752
KABHI B BAKE STUDIO
district shopping center sec.21, gandhinagar m : 85111 07630

Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri M. : 9824049503
Sanjay S. Shah P. Manubhai Medical
ABHAY DECORATORS FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE Plot No. E-192, 193, 194 B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત ખાદી ૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં ૨૫ % વળતર
પરપ્રાંત ખાદી ૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં ૧૫ % વળતર
રેશમ ખાદી ૧૫ % વળતર
વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોધોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ગૃહ વસ્તુ ભંડાર સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : તા. ૮/૧૧ને રવિવારે કેન્દ્ર ખાતે વેચાણ ચાલુ રહેશે.

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area ● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અદ્યતન કીચન તથા વોશ એરિયા ● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા ● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com